આર-૬ શાખા

# ગુજરાત જાહેર સેવા આયોગ

જાહેરાત ક્રમાંક: ૪૬/૨૦૧૮-૧૯, , કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ હસ્તકની પશુ ચિકિત્સા અધિકારી, ગુજરાત પશુપાલન સેવા, વર્ગ-૨ ની કુલ-૪૦ જગ્યા માટે ઉમેદવારો પસંદ કરવા માટે Online અરજીઓ તા:- ૧૬-૦૮-૨૦૧૮, ૧૩.૦૦ કલાક થી તા. ૩૧-૦૮-૨૦૧૮, ૧૩.૦૦ કલાક સુધીમાં મંગાવવામાં આવે છે.

(૧) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઇન અરજી કરવી. ઓન-લાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજી-પત્રકમાં ભર્યા, બાદ તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

(૨) કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત/વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(3) એક કરતા વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિનઅનામત વર્ગનાં ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામા આવશે.

(૪) ઓનલાઇન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક જરૂરી પ્રમાણપત્રો સાથે સામાન્ય સૂચનામાં જણાવેલ ક્રમમાં તૈયાર રાખવાના રહેશે અને આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે મોકલી આપવાનાં રહેશે.

જગ્યાનું નામ: પશુ ચિકિત્સા અધિકારી, ગુજરાત પશુપાલન સેવા, વર્ગ-૨

કૂલ જગ્યા : ૪૦ (નીચે દર્શાવ્યા મુજબ)

| અનુ. નં.. | કેટેગરી | કુલ જગ્યા | કેટેગરીવાર જગ્યા પૈકી મહિલાઓ માટે અનામત જગ્યા |
|---|---|---|---|
| ૧ | બિનઅનામત (સામાન્ય) | ૨૨ | ૦૭ |
| ૨ | સા.શૈ. પ. વર્ગ | ૧૦ | ૦૩ |
| ૩ | અનુ. જાતિ | ૦૨ | ૦૧ |
| ૪ | અનુ. જન જાતિ | ૦૬ | ૦૨ |
| | કુલ જગ્યા | ૪૦ | ૧૩ |

-પ્રાથમિક કસોટી યોજવાની સૂચિત તા : ૨૩/૧૨/૨૦૧૮

-પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ : માર્ચ-૨૦૧૯

-રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ : જુલાઇ-૨૦૧૯

-આખરી પરિણામ : રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિધ્ધ કરવામાં આવશે.

નોંધ:

(૧) ઉક્ત જગ્યાઓ પૈકી કોઇ જગ્યા શારીરિક અશક્તતા ધરાવતાં ઉમેદવારો માટે અનામત નથી.

(૨) અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે પરંતુ તેમને પસંદગી માટેના ધોરણો બિનઅનામત કક્ષાના લાગું પડશે.

(3) મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તે જગ્યા તે કક્ષાના પુરૂષ ઉમેદવારને ફાળવી શકાશે.

(૪) બિન અનામત કેટેગરીની કૂલ જગ્યા પર પસંદગી જે તે કેટેગરીના ઉમેદવારો તથા તે પૈકી મહિલા ઉમેદવારોએ પસંદગીની પ્રક્રિયા દરમ્યાન પ્રાપ્ત કરેલ ગુણ અને આયોગે સંબંધિત સેવાની કાર્યક્ષમતા જાળવી રાખવા નિયત કરેલ લાયકી ધોરણો ધ્યાને લઇ કરવામાં આવશે.

શૈક્ષણિક લાયકાત: **(A) Possess (1) a degree in Veterinary Science and Animal Husbandry (BVSc & AH) or a degree in Veterinary Science or Animal Husbandry (BVSc or AH) from any of the Universities established or incorporeted by or under the Central or State Act in India; or any other educational institution recognized as such or declared to be deemed University under section 3 of the University Grants Commission Act,1956 and have been recognized under Indian Veterinary Council Act, 1984.**

**Note: A Candidate appointed by direct selection shall get himself registered with the Gujarat Veterinary Council or Veterinary Council of India statutory bodies establised under the Indian Veterinary CouncilAct, 1984 at the time of making application, if he is not so registered.**

(B) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઇશે;

(C) ગુજરાતી અથવા હિન્દી અથવા બંનેનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવા જોઇશે.

પગાર ધોરણ:- સાતમા પગારપંચ મુજબ પે મેટ્રીક્ષ લેવલ-૮ પગાર ધોરણ રૂ. ૪૪૯૦૦ – ૧૪૨૪૦૦

ઉંમર:- ૩૫ વર્ષથી વધુ નહીં

(૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) આ જગ્યા માટે ઉપલી વયમર્યાદા ૩૫ વર્ષની ઠરાવવામાં આવેલ છે, તેમાં નીચે દર્શાવ્યા મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧. | મૂળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પુરૂષ ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૨. | મૂળ ગુજરાતના અનુસુચિત જાતિ. અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩. | બિન અનામત વર્ગના મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪. | ગુજરાત સરકારના કર્મચારીઓ કે જેઓ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂંક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વયમર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહીં. (૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ <u>ન</u> હોય પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂંક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાત વાળી જગ્યા **(Any such post)** માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં. (૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ <u>ન</u> હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે |

<u>નોંધ:</u> જો ઉમેદવાર વિદેશની યુનિવર્સીટીની પદવી મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા/સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર / પૂરાવા રજૂ કરવાના રહેશે, તથા સમય મર્યાદામાં આ અંગેના આધાર પુરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રહેશે. આ બાબતે આયોગની કોઇ જવાબદારી/ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામા લેવામા આવશે નહી, જેની સંબંધિત તમામે ખાસ નોંધ લેવી.

<u>અરજી ફી:</u> -બિનઅનામત ઉમેદવારોએ રૂ. ૧૦૦/- અરજી ફી ભરવાની રહેશે. માજી સૈનિક, મૂળ ગુજરાતના અનામત કક્ષાના અને શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ ફી ભરવાની નથી તથા અન્ય રાજયના અનામત વર્ગના ઉમેદવારોને અનામત વર્ગનો લાભ મળવા પાત્ર નથી. તેઓએ સામાન્ય વર્ગના ઉમેદવાર તરીકે ફી ભરવાની રહેશે.

(પી. આર. જોષી)
સંયુકત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ.

**R-6 BRANCH**

## GUJARAT PUBLIC SERVICE COMMISSION

On Line applications are invited for the post of **Veterinary Officer, in Gujarat Animal Husbandry Service, Class-II,** under Agriculture, Farmer Welfare and Co-Operation Department (Advt. 46 /2018-19) between date 16/08/2018, 13.00 Hrs. to date 31/08/2018, 13.00 Hrs.

(1) Candidate shall carefully read the Advertisement No. and Name of the Post before Applying online. Candidates shall confirm the application only after verifying the details filled in the application form.

(2) Any request or representation to correct any error or omission in the confirmed online application, or information filled in by the candidates shall not be accepted.

**(3)** In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered by the Commission. For candidates belonging to unreserved category the last confirmed application with fees will be considered by the Commission.

**(4)** Candidates shall keep ready the certificate required in case of eligibility for interview(in the order mentioned in the general instructions)

**Name of Post : Veterinary Officer, in Gujarat Animal Husbandry Service, Class-II**

**Total No. of vacancy:- 40 (As Under) –**

| Sr. No. | Category | Total Vacancy | Categorywise post reserved for Women |
|---|---|---|---|
| 1 | Unreserved (General) | 22 | 07 |
| 2 | S.E.B.C | 10 | 03 |
| 3 | S.C. | 02 | 01 |
| 4 | S.T. | 06 | 02 |
| | Total | 40 | 13 |

**- Tentative Date for Preliminery Test: 23/12/2018**
**- Tentative month for Preliminery Test Result: March-2019**
**- Tentative month for Interview: July-2019**
**- Final result will be published during 10 working days after the last date of interview.**

**Note:-**

(1) Out of above mentioned posts no post is reserved for Physically Disabled Candidates.

(2) The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved Category but the criteria for selection will be applicable as per Unreserved Category.

(3) In case of non availability of Women candidates in the respective category, the post so reserved will be allotted to male candidates belonging to the same category.

(4) Selection to the posts of unreserved Category and posts reserved for women candidates thereof shall be made on the basis of marks obtained in selection process by the candidates of respective categories and also women candidates of that category and on the basis of qualifying standard prescribed by the commission keeping in view to maintain efficiency of respective cadre/service.

**<u>Educational Qualification</u> : (A) : Possess (1) a degree in Veterinary Science and Animal Husbandry (BVSc & AH) or a degree in Veterinary Science or Animal Husbandry (BVSc or AH) from any of the Universities established or incorporeted by or under the Central or State Act in India; or any other educational institution recognized as such or declared to be deemed University under section 3 of the University Grants Commission Act,1956 and have been recognized under Indian Veterinary Council Act, 1984.**

**<u>Note:</u> A Candidate appointed by direct selection shall get himself registered with the Gujarat Veterinary Council or Veterinary Council of India statutory bodies establised under the Indian Veterinary CouncilAct, 1984 at the time of making application, if he is not so registered.**

**(B) Possess the basic knowledge of Computer Application as prescribed by the Gujarat Civil Services Classificstion and Recruitment (General) Rules, 1967.**

**(C) Possess adequate knowledge of Gujarati or Hindi or both.**

**PAY:- Pay Band Rs.44900-142400 (As per 7th Pay Commission in Matrix Level-8)**

**AGE:-Not more than 35 years. Age will be calculated as on the last date of the receipt of application.**

**Upper Age limit shall be relaxed as under:**

| | | |
|---|---|---|
| 1. | S. C., S. T. & S.E.B.C. Category of Gujarat state | 05 Years (maximum up to 45 years) |
| 2. | Women Candidates belonging to S.C., S. T. & S.E.B.C. Category of Gujarat state | 10 Years (maximum up to 45 years, Inclusive Five years relaxation for women ) |
| 3. | Women Candidates belonging Unreserved (General) | 05 Years (maximum up to 45 years.) |
| 4. | A candidate who is already in Gujarat Govt. service, either as a permanent or a Temporary officiating continuously for six months and had not crossed age limit prescribed for the advertised post at the time of his first appointment. | (i) If experience is prescribed as one of the qualifications, the upper age limit shall not apply.<br>(ii) If experience is not prescribed as one of the qualifications and a Govt.servant appointed to a post requiring a Medical, Engineering, Veterinary or Agriculture degree or diploma and who applied for any such post,the upper age limit shall not apply.<br>(iii) If experience is not prescribed as one of the qualifications in the advertisement, Govt. servants who are working on the post from which an employee can be promoted to the post so advertised, be entitled to relaxation of 5 years, or to the extent of equal number of years for which service has been put in by him, whichever is less. |

**Note**: The candidates having qualification from foreign University Should produce necessary documents /proof regarding the recognition/equivalence of their degree. It will be the responsibility of the candidate to produce necessary documents in time. Commission will not consider any representation about this.

**Application fee:** Candidates of General Category have to pay Rs.100/- as Application fee. While candidates of Ex-Serviceman, Reserved Category of Gujarat State & candidates who are physically disable have not to pay application fee. While candidates of Reserved Category of Other States have to apply in unreserved category and have to pay application fee.

**(P. R. Joshi)**
**Joint Secretary**
**Gujarat Public Service Commission**

## જાહેરાતની સામાન્ય જોગવાઈ

**૧. નાગરિકત્વ:-**

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનો પ્રજાજન અથવા (ગ) ભૂતાનનો પ્રજાજન અથવા (ઘ) તિબેટ નો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા (ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ.પરંતુ પેટાક્રમાંક (ખ), (ગ), (ઘ) અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

**૨. ભરેલા અરજીપત્રક:-**

(૧) ઓનલાઇન જાહેરાત માટે અરજી કન્ફર્મ કરીને બિન અનામત કક્ષાના ઉમેદવારોએ પોસ્ટ ઓફિસમાં અથવા ઓનલાઈન ફી રૂ.૧૦૦/- + સર્વિસ ચાર્જ જમા કરાવવાની રહેશે. જ્યારે માજી સૈનિકો, અનામત કક્ષાના ઉમેદવારોએ તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ પોસ્ટ ઓફિસમાં ફી જમા કરાવવાની રહેશે નહીં. કન્ફર્મ થયેલ અરજીપત્રકની નકલ તથા પ્રમાણપત્રો આયોગની કચેરી/પોસ્ટઓફિસમાં જમા કરાવવાના નથી. પરંતુ અરજીપત્રકની નકલ પોતાની પાસે રાખવાની રહેશે અને જ્યારે એસ.એમ.એસ./ ટપાલ/આયોગની વેબસાઈટના માધ્યમથી અરજીપત્રક જમા કરાવવાનો સંદેશો મળે ત્યારે જ જરૂરી પ્રમાણપત્રો સાથે અરજીપત્રક આયોગની કચેરીમાં મોકલવાનું રહેશે.

(૨) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો અરજી ફી ભરવાની રહેશે નહી.

(૪) અરજી ફી વગરની અગ્રિમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહી.

(૫) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેને બિન અનામતના ધોરણો લાગુ પડશે.

(૬) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૭) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૮) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરૂષ ઉમેદવાર અરજી કરી શકે છે કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરૂષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરૂષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે.(દા.ત.કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરૂષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

3. જન્મ તારીખ:-

(૧)આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ. એસ. સી બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ.એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ........... છે. જે એસ.એસ. સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા (**credibility**) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મતારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

૪.વયમર્યાદા:-

(૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં ઉપલી વયમર્યાદા આપવામાં આવેલ છે, તેમાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | |
|---|---|
| 1 | ગુજરાત સરકારના કર્મચારીઓ કે જેઓ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂંક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વયમર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહીં. (૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ <u>ન</u> હોય પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂંક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાત વાળી જગ્યા (**Any such post**) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં. (૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ <u>ન</u> હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે |

૫. શૈક્ષણિક લાયકાત:-

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર) અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫)જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

૬. અનુભવ :-

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (અ)જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,

(બ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ), મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર/મેળવેલ અનુભવની વિગતો સાથેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનું રજુ કરવાનું રહેશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. અરજી કર્યા પછી અનુભવના નવા પ્રમાણપત્રો સ્વીકારવામાં આવશે નહી.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

૭. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ:-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગત અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા ઉક્ત વિભાગના તારીખ: ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(બ) "ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ હોવા અંગેનું પ્રમાણપત્ર" નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ કે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ઈસ્યુ કરાયેલ તથા તેની મહત્તમ અવધિ ઈસ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે તેવો ઉલ્લેખ કરવામા આવેલ હોય તેવું, પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ.

નોંધ: ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ હોવા અંગેના પ્રમાણપત્રની માન્યતા/સ્વીકૃતિ તથા સમયગાળા અને અવધિના અર્થઘટન બાબતે સરકારશ્રીના ઠરાવો/પરિપત્રોની જોગવાઈઓ આખરી ગણાશે.

(ક) પરિણિત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તેમની અરજી રદ્દ કરવામાં આવશે. અરજી સાથે ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' અથવા 'પરિશિષ્ટ-૪' ને બદલે અંગ્રેજી નમૂના '**Annexure-A**' માં પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો પણ અરજી રદ્દ કરવામાં આવશે કેમકે '**Annexure-A**' ભારત સરકાર હેઠળ રોજગારી માટે આપવામાં આવે છે, નહિ કે ગુજરાત સરકાર હેઠળ. જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઈસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

(ડ) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(ઇ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા ,અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૮) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

૮. માજી સૈનિક

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે.

૯. શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો

(ક) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(ખ) શારીરિક અશક્તતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ શારીરિક અશક્તતાનો લાભ મળવાપાત્ર રહેશે. શારીરિક અશક્તતાનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે (૧) શ્રવણની ખામી (૨) હલન ચલન અશક્તતા અથવા મગજનો લકવો તે પૈકીની કઇ શારીરિક અશક્તતા છે તે દર્શાવવું.

(ગ) જાહેરાતમાં શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨,થી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ /સિવિલ સર્જન/મેડીકલ બોર્ડદ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં શારીરિક અશક્તતા ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં.

(ચ) શારીરિક અશક્ત ઉમેદવારોના કિસ્સામાં અરજી કર્યાની તારીખ બાદ ભરતી પ્રક્રિયાના કોઇ પણ તબક્કે જે કોઇ ઉમેદવાર "**Physical Disabled**" (શારીરિક અશક્ત) બને અને તે અંગે જરૂરી દસ્તાવેજો/પૂરાવાઓ રજુ કરે તો તેવા ઉમેદવારની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા ઉમેદવારને "**PD**" (શારીરિક અશક્ત) ઉમેદવાર તરીકેના મળવાપાત્ર તમામ લાભ/છૂટછાટ મળવાપાત્ર થશે. આવા લાભો કે છૂટછાટ ભરતી પ્રક્રિયાના પુર્ણ થયેલ તબક્કા માટે પશ્ચાદવર્તી અસરથી આપી શકાશે નહિ.

## ૧૦. મહિલા ઉમેદવાર

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તેની જગ્યા જે તે કક્ષાના **(category)**પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

| |
|---|
| જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે. |

## ૧૧. વિધવા ઉમેદવાર

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજીપત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અચૂક લખવું અન્યથા" લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે "વિધવા" બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજુઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબકકા બાકી હોય તે તબકકાથી જ તેવા મહિલા ઉમેદવારોને " વિધવા મહિલા ઉમેદવાર " તરીકેના લાભ આપવામાં આવશે.

૧૨. ના વાંધા પ્રમાણપત્ર:-

(૧) ગુજરાત સરકારના સરકારી/અર્ધસરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૧૩. ગેરલાયક ઉમેદવાર:-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

૧૪. ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-

અગાઉ ઉમેદવારનેસરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

૧૫. અગત્યની જોગવાઇઓ:-

(૧) આ જગ્યાની નિમણૂક માટે સીધી ભરતીથી પસંદગીની પક્રિયા અનુસરવાની થાય છે. જે માટે **The Gujarat Public Service Commission Procedure (Amendment) Rules** 2016, અનુસાર ઉમેદવારોની પસંદગી પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. પ્રાથમિક કસોટીના ગુણક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોની રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા નક્કી કરાશે. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નક્કી કરશે નહીં તો ગુજરાતી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: અમદાવાદ/ગાંધીનગર ખાતે લેવામાં આવશે, અને ઉમેદવારોએ સ્વ ખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.

(૨) પ્રાથમિક કસોટીમાં મેળવેલ ગુણ આખરી પસંદગી માટે ગણવામાં આવશે. રૂબરૂ મુલાકાત માટે બોલાવવાના થતા ઉમેદવારોમાં, જો કોઇ ઉમેદવારોના પ્રાથમિક કસોટીમાં ૧૦% કે તેથી ઓછા ગુણ હશે તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહી.

(૩)પ્રાથમિક કસોટીમાં સામાન્ય અભ્યાસના ૧૦૦ ગુણ માટે ૧૦૦ પ્રશ્નો રહેશે અને સબંધિત વિષયના ૨૦૦ ગુણ માટે ૨૦૦ પ્રશ્નો રહેશે.

(૪)ઉમેદવારોની આખરી પસંદગી ૫૦ ટકા ગુણભાર પ્રાથમિક કસોટીના ૩૦૦ ગુણમાથી મેળવેલ ગુણ અને ૫૦ ટકા ગુણભાર રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર અને રૂબરૂ મુલાકાતમાં ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર ગણી કુલ ૧૦૦ ગુણમાંથી ગુણ આપવામાં આવશે.

સ્પષ્ટીકરણ :- જો ઉમેદવારે પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી ૧૫૦ ગુણ મેળવેલ હશે અને રૂબરૂ મુલાકાતમાં ૧૦૦ ગુણમાંથી ૬૦ ગુણ મેળવશે તો લેખિત પ્રાથમિક કસોટીના ૫૦ ટકા ગુણભાર મુજબ ૨૫ ગુણ અને રૂબરૂ મુલાકાતના ૫૦ ટકા ગુણભાર મુજબ ૩૦ ગુણ એમ કુલ ૫૫ ગુણ થશે.

(૫) સીધી પસંદગીથી ભરતી અન્વયે આયોગ દ્વારા પ્રસિધ્ધ થયેલ જાહેરાત માટે કુલ જગ્યાની સંખ્યા સામે નોંધાયેલ કુલ **Online Applications (Duplicate Applications** બાદ કર્યા પછીની **Valid Online Applications)** ની સંખ્યા ૨૫ કરતા વધુ હોય ત્યારે તે જાહેરાત અન્વયે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામા આવશે અને પ્રાથમિક કસોટીના પરિણામના આધારે ઉમેદવારો પાસેથી અરજીપત્રક અને જરૂરી દસ્તાવેજો મેળવી આગળની કાર્યવાહી કરવામા આવશે. પરંતુ જો સીધી પસંદગીથી ભરતી અન્વયે આયોગ દ્વારા પ્રસિધ્ધ થયેલ જાહેરાત અન્વયે નોંધાયેલ કુલ **Online Valid Applications** ની સંખ્યા ૨૫ કે તેથી ઓછી હોય તો આયોગનો આદેશ મેળવી નોંધાયેલ બધા જ ઉમેદવારો પાસેથી અરજીપત્રક તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ જરૂરી તમામ દસ્તાવેજ મંગાવી પ્રથમ અરજી ચકાસણી કર્યા બાદ પ્રાથમિક કસોટી યોજવામા આવશે

(૬) પ્રાથમિક કસોટીમાં ઉમેદવારને **O.M.R. Sheet** માં જવાબ આપવા માટે **A, B, C, D** અને **E** એમ પાંચ વિકલ્પ આપવામાં આવશે, પાંચમો વિકલ્પ **E 'Not attended'** તરીકેનો રહેશે. જો ઉમેદવારે તમામ વિકલ્પો ખાલી રાખ્યા હોય (**encode** કર્યા ન હોય) અથવા ખોટા જવાબ આપેલ હોય તો પ્રત્યેક નિશ્રિત ગુણના ૦.૩ **Negative Marks** કાપવામાં આવશે. અને જો પાંચમો વિકલ્પ **E 'Not attended'** એનકોડ કરેલ હોય તો "શૂન્ય" ગુણ કાપવાના રહેશે. અર્થાત માત્ર **E 'Not attended'** વિકલ્પ જ **encode** કર્યો હશે તો તે પ્રશ્ન માટે કોઇ નેગેટીવ ગુણ કાપવામાં આવશે નહીં.

(૭) રૂબરૂ મુલાકાતમાં આયોગની સુચનાઓ /ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરી વાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈ નીચે મુજબ અનુસરવાનું રહેશે.

| કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોનીસંખ્યા |
|---|---|
| ૦૧ | ૦૬ |
| ૦૨ | ૦૮ |
| ૦૩ | ૧૦ |
| ૦૪ કે તેથી વધુ | કુલ જગ્યાઓથી ૦૩ ગણા |

(૮) પ્રાથમિક કસોટીમાં મેળવેલ ગુણ આખરી પસંદગી માટે ગણવામાં આવશે. તેમજ ઉપર્યુક્ત કોલમમાં દર્શાવેલ સંખ્યા પ્રમાણે રૂબરૂ મુલાકાત માટે બોલાવવાના થતા ઉમેદવારોમાં, જો કોઇ ઉમેદવારના પ્રાથમિક કસોટીના ૧૦ ટકા કે તેથી ઓછા ગુણ હશે તો રૂબરૂ મુલાકાતને પાત્ર ગણવામાં આવશે નહીં.

(૯) જાહેરાતમાં ઠરાવેલ લઘુતમ લાયકાત તેમજ અનુભવ કરતાં વધુ શૈક્ષણિક લાયકાત અને/અથવા વધુ અનુભવ અને/અથવા લાયકાતમાં ઊંચી ટકાવારીને આધારે રૂબરૂ મુલાકાત માટે આયોગ ઉમેદવારોની સંખ્યા મર્યાદિત કરી શકશે.

(૧૦ ઇન્ટરવ્યુ કમિટી દ્વારા રૂબરૂ મુલાકાતમાં ઉમેદવારના એકંદર દેખાવ (**Overall Performance**) ને ધ્યાને લેવામાં આવશે અને ઇન્ટરવ્યુ કમિટી ઇન્ટરવ્યુ દરમ્યાન ઉમેદવારના **Overall Performance** ને ધ્યાનમાં રાખી ચર્ચા વિચારણા કર્યા બાદ સર્વાનુમતે ગુણ આપશે.

(૧૧) માજી સૈનિકો તથા શારીરિક અશક્ત ઉમેદવારોની જગ્યાઓ અનામત હોય ત્યારે સબંધિત કેટેગરીના માજી સૈનિક તથા શારીરિક અશક્ત ઉમેદવારો પૈકી જે ઉમેદવારો આ પ્રમાણેના લઘુતમ ગુણ મેળવતા હશે તેમને સબંધિત કેટેગરીની અનામત જગ્યા સામે ગણવામાં આવશે. જો જાહેરાતમાં જણાવ્યા પ્રમાણેની આ

કેટેગરીઓ માટે રાખવામાં આવેલ અનામત જગ્યાઓ માટે આ લઘુતમ ગુણ મેળવતા ઉમેદવારો પ્રાપ્ત ન થાય કે પુરતી સંખ્યામાં પ્રાપ્ત ન થાય તો સબંધિત કેટેગરીના લઘુતમ ગુણના ૧૦ % ધોરણ હળવુ કરીને પસંદગી કરવામાં આવશે.

(૧૨) મહિલા ઉમેદવારો માટે લઘુતમ ગુણના ૧૦ ટકા નું ધોરણ હળવુ કરીને પસંદગી પદ્ધતિ અનુસરવાની રહેશે અને રૂબરૂ મુલાકાત બાદ જે તે કેટેગરીના મહિલા ઉમેદવારો માટેની અનામત સંખ્યા જેટલા મહિલા ઉમેદવારોથી વધુ ઉમેદવારો ઉપલબ્ધ થાય તો ભલામણ યાદીમાં મહિલા ઉમેદવારોનો સમાવેશ થયા બાદ બાકીના મહિલા ઉમેદવારોની પ્રતિક્ષાયાદીમાં પસંદગી ગણવામાં આવશે આ જોગવાઇ મુજબ લઘુતમ લાયકી ધોરણ આ મુજબ રહેશે. બિન અનામત વર્ગના મહિલા ઉમેદવારો માટે ૪૫ ગુણ તેમજ અનામત વર્ગના મહિલા ઉમેદવારો માટે ૩૧ ગુણ રાખવામાં આવશે.

૧૬. રૂબરૂ મુલાકાત:-

(૧) રૂબરૂ મુલાકાત આયોગની કચેરી ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના ઉમેદવારો તથા બેરોજગાર ઉમેદવારો કે જેઓના માતા-પિતા ની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજુ કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

૧૭. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)

(૧) આયોગના ઓનલાઇન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૩) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૪) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૫) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય.

(૬) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

(૭) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સા.શૈ.પ.વર્ગ તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય

(૯) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૧૦) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૧૧) ઉમેદવારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય) પરંતુ તેના સમર્થનમાં પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા તો રજુ કરેલ પ્રમાણપત્રમાં તેઓનો અનુભવનો સમયગાળો, મુળપગાર,કુલપગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય તથા સંસ્થાના લેટર પેડ ઉપર ન હોય.

(૧૨) ઓન લાઈન જાહેરાતની અરજી કરવાની રીત ક્રમાંક: ૧૫ નીચે સુચવેલ (ઉમેદવારોને સબંધિત) પ્રમાણપત્રો / અને જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય તેવા લાગુ પડતા આધાર પુરાવાની પ્રમાણિત કરેલ નકલો આયોગને મોકલવામા આવેલ અરજીપત્રક સાથે જોડેલ નહીં હોય તેવા ઉમેદવારોની અરજી અધુરી ગણીને રદ ગણવામા આવશે.

૧૮. નિમણૂક:-

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રી ના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂક પત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતો વખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત /અનુભવ/ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂકપણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

૧૯. ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી, ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી, જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યુ હોય,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી, જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચિત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરીતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી, અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પરદબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ પ્રયત્ન કર્યો હોય, ફોજદારી કાર્યવાહીનેપાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧)આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨)રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખીતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

(પી. આર. જોષી)
સંયુકત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ.

## Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત:-

આ જાહેરાતના સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તા:૧૬-૦૮-૨૦૧૮, ૧૩.૦૦ કલાક થી તા: ૩૧-૦૮-૨૦૧૮, ૧૩.૦૦ કલાક સુધીમાં **https://gpsc-ojas.gujarat.gov.in** પર અરજી પત્રક ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના **Steps (૧) થી (૧૬)** અનુસરવાના રહેશે. **Confirmation Number** મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

(૧) સૌ પ્રથમ **http://gpsc-ojas.gujarat.gov.in** પર જવું.

(૨) **Apply On line Click** કરવું. આ પ્રમાણે **click** કરવાથી **(1) More Details** તથા **(2) Apply Now** બટન દેખાશે. સૌપ્રથમ **More Details** પર **Click** કરીને જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ ઉમેદવારોએ કરવો અને ત્યારબાદ **Apply Now** બટન ક્લિક કરવું.

(3) **Veterinary officer, Class-2** ઉપર **click** કરવાથી જગ્યાની વિગતો મળશે.

(૪) તેની નીચે **Apply Now** પર **Click** કરવાથી **Application Format** દેખાશે. **Application Format** માં સૌ પ્રથમ **"Personal Details"** ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી(*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) **"Personal Details"** માં જ્યાં **Mobile Number** અને **email ID** માંગ્યા છે, તેની વિગત લખવી જેથી જરૂર જણાયે આયોગ ઉમેદવારને માહિતગાર કરી શકે.

(૫) **Personal Details** ભરાયા બાદ **Educational Details** ભરવા માટે **Educational Details** પર **click** કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ભરવી.

(૬) **Additional Qualification** પર**"click"** કરી **Additional Qualification** ભરવી.

(૭) **Experience Details** પર **"click"** કરવું અને **Experience Details** ભરવી. વધુ **Experience** ઉમેરવા માગતા હોવ તો **Add. More Exp.**પર **"click"** કરી **Details** ભરવી.

(૮) **Additional Information** પર**"click"** કરી ત્યાં માહિતી ભરવી. જે વધારાનો અનુભવ **ojas module** માં સમાવિષ્ટ ન થતો હોય, તો સાદા કાગળ પર **ojas** માં જણાવ્યા મુજબના અનુભવના કોઠા પ્રમાણે આપે વધારાના અનુભવની વિગત ઉમેરીને મોકલવી.

(૯) તેની નીચે **"Self-declaration"** માં **Yes / No** પર **click** કરવું.

(૧૦) હવે **save** પર **"click"** કરવાથી તમારો **Data Save** થશે. અહીં ઉમેદવારનો **Application Number generate** થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈપણ પત્રવ્યવહારમાં તે દર્શાવવાનો રહેશે.

(૧૧) જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો **Edit Application** માં જઇને કરી શકાશે, આ સુવિધા અરજી **Confirm** કરતાં પહેલા ઉપલબ્ધ છે. એક વખત અરજી **Confirm** થઇ ગયા પછી / બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.

(૧૨) હવે પેજના ઉપરના ભાગમાં **upload photo** પર **click** કરો અહીં તમારો **application number type** કરો અને તમારી **Birth date type** કરો. ત્યાર બાદ **ok** પર **click** કરો. અહીં, **photo** અને **signature upload** કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને **signature** નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (**photo** અને **signature upload** કરવા સૌ પ્રથમ તમારો **photo** અને **signature .jpg Format**માં **(10 KB)** સાઇઝથી વધારે નહીં તે રીતે **Computer** માં હોવા જોઇએ.) **"Browse" Button** પર **click** કરો હવે **Choose File** ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં **.jpg Format** માં તમારો **photo store** થયેલ છે તે ફાઇલને ત્યાંથી **Select** કરો અને **"Open" Button** ને **click** કરો. હવે **"Browse" Button** ની બાજુમાં **"Upload " Button** પર **Click** કરો હવે બાજુમાં તમારો **photo** દેખાશે. હવે આજ રીતે **signature** પણ **upload** કરવાની રહેશે.

(૧૩) હવે પેજના ઉપરના ભાગમાં **"Confirm Application"** પર **click** કરો અને **"Application number"** તથા **Birth Date Type** કર્યા બાદ **Ok** પર **click** કરવાથી બે (૨) બટન **૧: Application preview ૨: confirm application** દેખાશે. ઉમેદવારે **"Application preview"** પર **click** કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય, તો **Edit Application** ઉપર **click** કરીને સુધારો કરી લેવો. અરજી **confirm** કર્યા પહેલા કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી **confirm** થઇ ગયા બાદ અરજીમાં કોઇ પણ સુધારો થઇ શકશે નહીં.

જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application પર click કરવું. Confirm application પર click કરવાથી ઉમેદવારની અરજીનો આયોગમાં online સ્વીકાર થઈ જશે. અહીં "confirmation number" generate થશે જે હવે પછીની બધીજ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઇપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની અરજી ફી નીચેના બે વિકલ્પ પૈકી કોઇપણથી ભરી શકે છે.

૧. <u>પોસ્ટ ઓફિસમાં:-</u>સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર કલીક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઇને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસમાં રૂ. ૧૦૦/- આયોગની ફી + પૉસ્ટલ સર્વિસ ચાર્જ <u>તાઃ ૩૧-૦૮-૨૦૧૮, ૧૩:00</u> કલાક સુધીમાં ભરવાની રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે.

૨. <u>ઓનલાઇન ફી :-</u>જમા કરાવવા માટે "Print Challan" ઉપર કલીક કરવું. અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of fee" ઉપર કલીક કરવું. ત્યાર બાદ આપેલ વિકલ્પોમાં "Net Banking of fee" અથવા "Other Payment Mode" ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું Screen પર લખાયેલું આવશે. અને e-receipt મળશે જેની Print કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો Screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.

આ ચલણ / e-receipt તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને <u>આયોગ દ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજીપત્રક બીડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.</u>

(૧૫) ઉમેદવારોએ **confirm** થયેલ અરજીપત્રક પોતાની પાસે સાચવીને રાખવાનું રહેશે અને <u>જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજીપત્રક બીડાણો સહિત આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.</u>

<u>અરજીપત્રક અને જરૂરી પ્રમાણપત્રો મોકલવા અંગેની તકેદારી :-</u>

ઓનલાઇન જાહેરાત માટે confirm થયેલ અરજીપત્રક તથા નીચે સૂચવેલ સંબંધિત પ્રમાણપત્રો અને લાગુ પડતા આધાર પુરાવાની પ્રમાણિત કરેલ નકલો ક્રમાનુસાર અચુક જોડીને જાહેરાતમાં દર્શાવેલ વિગત મુજબ સંપુર્ણ અરજીપત્રક આયોગ દ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજીપત્રક બીડાણો સહિત નિર્ધારીત તારીખની સમય મર્યાદામાં આયોગમાં ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

(૧) ઉમેદવારે ઓનલાઇન કન્ફર્મ થયેલ અરજીપત્રક (બારકોડ વાળું)ની સ્પષ્ટ અને સ્વચ્છ નકલ ડાઉનલોડ કરવાની રહેશે. જેમાં ફોટોગ્રાફ, સહી સહિત વિગતો વંચાય તેવી હોવી જોઇએ. ફોટોગ્રાફ સ્પષ્ટ ના હોય તો પાસપોર્ટ સાઇજનો ફોટોગ્રાફ અરજીપત્રક પર લગાવવાનો રહેશે. સહી સ્પષ્ટ ના હોય તો ફરીથી અરજીપત્રકમાં સહી કરવાની રહેશે.

(૨) જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ.નું પ્રમાણપત્ર (જન્મ તારીખનો દાખલો કે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં)

(3) જાતિનું પ્રમાણપત્ર (અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સા. અને શૈ.પ. વર્ગના ઉમેદવારો માટે)

(૪) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ (જાહેરાતમાં દર્શાવ્યા મુજબ નિયત સમયગાળાનું ગુજરાતી નમુના મુજબનું પરિશિષ્ટ-ક અરજીપત્રકમાં દર્શાવેલ નંબર અને તારીખનું જ) રજુ કરવાનું રહેશે. પરિશિષ્ટ-કના વિક્લ્પે અન્ય કોઇ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહિં. અંગ્રેજીમાં Annexure-A ( જે કેન્દ્ર સરકારની ભરતી કે સંસ્થાઓ માટે છે) તે માન્ય રાખવામાં આવશે નહીં. પરિણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેઓની માતા-પિતાના આવકના સંદર્ભમાં રજું કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજું કરેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે નહિં.

(૫) શારીરિક અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સા.વ.વિ. ના તા: ૦૧.૧૨.૨૦૦૮ના પરિપત્ર મુજબનું નિયત નમુનામાં સરકારી હોસ્પીટલના સુપ્રિટેન્ડેન્ટ / સિવિલ સર્જન / મેડિકલ બોર્ડ દ્વારા આપેલ પ્રમાણપત્ર

(૬) માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડિસ્ચાર્જ બુકની નકલ

(૭) પરિણિત મહિલાઓના કિસ્સામાં લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર / અટક અથવા નામ બદલાવેલ હોય તો તે અંગેના જાહેરનામાની નકલ

(૮) વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં પુન: લગ્ન ન કર્યા અંગેના સોગંદનામાની નકલ

(૯) સ્નાતક ( બધાં જ વર્ષ / સેમેસ્ટરના ગુણપત્રક)

(૧૦) સ્નાતક પદવી પ્રમાણપત્ર

(૧૧) અનુસ્નાતક ( બધાં જ વર્ષ / સેમેસ્ટરના ગુણપત્રક)

(૧૨) અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર ( જો જાહેરાતની જોગવાઇ મુજબ જરૂરી હોય તો)

(૧૩) વિદેશની યુનિવર્સિટી માંથી પદવી મેળવેલ હોયતો તેની માન્યતા અંગેના પુરાવાની નકલ

(૧૪) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો / અધિકૃતતાની વિગતો / પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૧૫) સરકારી કર્મચારીના સબંધમાં "ના-વાંધા પ્રમાણપત્ર"

(૧૬) અનુભવના પ્રમાણપત્રો ( જાહેરાત મુજબ જરૂરી હોય તો ક્રમાનુસાર મેળવેલ અનુભવ, લાગુ પડતા સંવર્ગના કાર્યકાળની શરૂઆતથી પગારની વિગત, ફરજ / કામના પ્રકાર દર્શાવવાના રહેશે.)

(૧૭) સંશોધનપત્રો (જો જાહેરાતની જોગવાઇ મુજબ જરૂરી હોય તો)

(૧૮) બિનઅનામત ઉમેદવારોએ ભરેલ ફીની ઝેરોક્ષ નકલ

(૧૯) જાહેરાતની જોગવાઇ અનુસંધાનમાં લાગુ પડતા અન્ય આધાર પુરાવા / પ્રમાણપત્રો

અરજીપત્રક બિડાણો સાથે નિર્ધારીત તારીખની સમય મર્યાદામાં આયોગમાં જમા કરાવવામાં આવેલ નહીં હોય તેમજ ઉપર જણાવેલ જો કોઇ પણ પ્રમાણપત્ર કે આધાર પુરાવા જોડવામાં આવેલ નહીં હોય તો ઉમેદવારી સીધે સીધી રદ કરવામાં આવશે. આ પ્રકારની બાબત આપના કેસમાં ન બને તે માટે અરજી, આયોગમાં રજુ કરતાં પહેલાં આ અંગે પૂરતી કાળજી રાખી, ચકાસણી કરીને જ, તે અરજી મોકલવા જણાવવામાં આવે છે.

<u>ખાસ અગત્યની સુચના:- સંપુર્ણ અરજીપત્રક નિર્ધારીત તારીખની સમય મર્યાદામા આયોગમાં જમા થઇ ગયા બાદ નહીં જોડેલ ખુટતા પ્રમાણપત્ર મોકલવામાં આવશે કે તે સ્વિકારવા બાબતે કોઇપણ રજુઆત કે પત્ર વ્યવહાર કરવામા આવશે તો આયોગ દ્વારા વિચારણામાં લેવાશે નહીં.</u>

(૧૬) દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગોવશાત, જો કોઇ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજી, તેની સાથે નિયત ફી ભરેલ હશે, તો તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ્દ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલ ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

<u>અરજી ફી</u> :

(૧) સામાન્ય કેટેગરીના ઉમેદવારે પોસ્ટ ઓફીસમાં <u>રૂ. ૧૦૦/-</u> આયોગની ફી + પૉસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહેશે. અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે.

(૨) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી. પરંતુ ગુજરાત સિવાયના અન્ય રાજયના અનામત કક્ષાના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવવી હોય તો, બિનઅનામત વર્ગના ઉમેદવાર તરીકે જ અરજી કરવાની રહેશે અને બિનઅનામત વર્ગ માટે નિયત થયેલ અરજી ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહેશે.

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારને કોઇપણ સંજોગોમાં પ્રાથમિક કસોટી / રૂબરૂ મુલાકાત પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી. આ ફી ફક્ત ઓનલાઇન અથવા પોસ્ટ ઓફિસ દ્વારા જ સ્વીકારવામાં આવશે. રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ઇન્ડિયન પોસ્ટલ ઓર્ડર કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહી. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઇ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો, તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે.

નોંધ :- પશુ ચિકિત્સા અધિકારી, વર્ગ- ૨ની જગ્યાના ભરતી નિયમો, અરજી પત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની વિગત, વયમર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પ્રાથમિક કસોટીનો અભ્યાસક્રમ, પરિશિષ્ટ-'ક' નો નમૂનો, સરકારી કર્મચારીએ રજુ કરવાના ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો, શારીરિક અશક્તતા અંગેના પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગના નોટિસ બોર્ડ અને આયોગની વેબસાઇટ **https://gpsc-ojas.gujarat.gov.in** ઉપર જોવા મળશે.